# BUSINESS મિત્ર

### મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં તોફાની તેજી: સાવચેતીભર્યા માહોલમાં બ્રોડર માર્કેટનું શાનદાર પ્રદર્શન

# સેન્સેક્સમાં ઘટાડો, છતાં રોકાણકારોની સંપત્તિમાં 2.28 લાખ કરોડનો ઉછાળો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 16:** મીડલ ઈસ્ટના તણાવમાં કોઈ ડેવલપમેન્ટ નથી, પણ યુદ્ધ વિરામ ચાલુ રહેવાના પગલે વૈશ્વિક બજારોમાં સુધારો આગળ વધ્યો હતો. જેની પાછળ આજે ભારતીય શેરબજાર પણ પોઝિટિવ ખુલ્યા હતા, પણ આજે સેન્સેક્સની વીકલી એક્સપાયરી હોવાના કારણે મીડ સેસન બાદ વેચવાલી રહી હતી, જેથી સુધારો ધોવાઈ ગયો હતો અને સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

સેક્ટર વાઇઝ જોઈએ તો આઈટી, કેપિટલ ગુડસ અને મેટલ ઈન્ડેક્સ એક ટકાની આસપાસ વધ્યા હતા, જ્યારે ઓટો, બેન્કીંગ અને ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સ ઘટયા હતા. જોકે, આજે લાર્જકેપ શેરોમાં વેચવાલી રહી હતી, પણ બ્રોડર માર્કેટમાં જોશ યથાવત રહ્યો હતો, જેથી મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં તેજી જોવા મળી હતી. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં તેજીના પગલે રોકાણકારોએ ઘટતા બજારમાં પણ રૂ. 2.28 લાખ કરોડની કમાણી કરી હતી.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 460.83 લાખ કરોડ થઈ હતી. જે ગત સેશનમાં રૂ. 458.55 લાખ કરોડની હતી. આમ, રોકાણકારોની સંપત્તિમાં રૂ. 2.28 લાખ કરોડનો વધારો થયો હતો.

બીએસઇ સેન્સેક્સ 122.56 પોઈન્ટ એટલે કે 0.16 ટકા ઘટીને 77988.68 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે સેન્સેક્સ 78000 પોઈન્ટની સપાટી તોડી હતી. ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 78730 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77674 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 34.55 પોઈન્ટ એટલે કે 0.14 ટકા ઘટીને 24200 પોઈન્ટની સપાટીની નીચે સરકીને 24196.75 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24400 પોઈન્ટ સુધી ઉછળી હતી. જ્યારે નીચામાં 24102 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 215.55 પોઈન્ટ એટલે કે 0.38 ટકા ઘટીને 56086.40 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે પીબી ફિનટેકમાં 15.23 ગણા, ફર્સ્ટ સોર્સમાં 11.2 ગણા, જીએમડીસીમાં 10.79 ગણા, સોનાટા સોફ્ટવેરમાં 9.33 ગણા અને ક્રોમ્પ્ટોન ગ્રીવ્સમાં 6.4 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ફર્સ્ટ સોર્સ સોલ્યુશન્સમાં 42.35 ગણા, સોનાટા સોફ્ટવેરમાં 34.09 ગણા, એનએલસી ઈન્ડિયામાં 20.14 ગણા, જીએમડીસીમાં 15.28 ગણા, એચડીબી ફાઈ. સર્વિસીસમાં 14.4 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટે આઉટ પર્ફોર્મ કરતા જોવા મળ્યા હતા. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.52 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.99 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ જોવા મળી હતી. બીએસઇ ખાતે 2808 શેરો વધ્યા હતા, જ્યારે 1537 શેરો ઘટયા હતા અને 149 શેરો યથાવત રહ્યા હતા.

પ્રાઈવેટ બેન્ક શેરોમાં નફારૂપી વેચવાલી હાવી રહી હતી. જેમાં એચડીએફસી બેન્ક, આરબીએલ બેન્ક, ફેડરલ બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક, આઈસીઆઈસીઆઈ બેન્ક અને એક્સીસ બેન્ક ઘટ્યા હતા. બીજી તરફ, યસ બેન્ક, આઈડીએફસી ફર્સ્ટ બેન્ક અને ઈન્ડસઈન્ડ બેન્ક વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન અને એશિયન બજારોમાં સુધારો આગળ વધ્યો હતો. રોકાણકારોએ મજબૂત યુકે જીડીપી ડેટાનું મુલ્યાંકન કકર્યુ હતું અને માર્ચ માટે યુરોઝોનના ડેટાને પચાવી લીધા હતા. માર્ચમાં ફુગાવો 2.6 ટકા હતો, જે ફેબ્રુઆરીમાં 1.9 ટકા હતો. ક્રુડના ઉંચા ભાવની અસર જોવા મળી છે. એશિયન બજારોમાં જાપાનનો નીક્કી રેકોર્ડ સ્તર પર પહોંચ્યો હતો. કારણ કે યુએસ-ઈરાન સોદાની આશા વધતી જતી હોવાથી નીક્કીમાં ઉછાળો આવ્યો હતો. યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.63 ટકા, કેક 0.76 ટકા, ડેક્સ 0.67 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 2.42 ટકા, હેંગસેંગ 1.92 ટકા, તાઈવાન 1.10 ટકા, કોસ્પી 2.16 ટકા અને શાંઘાઈ 0.70 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.27 ટકા અને જકાર્તા 0.03 ટકા નજીવા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયામાં સુધારો આગળ વધ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 16:** અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો કે, યુદ્ધનો અંત આવવાની તૈયારીમાં છે, જેની બજારમાં પોઝિટિવ અસર પડી હતી અને રૂપિયો પણ સુધર્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 19 પૈસા સુધરીને 93.20ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 93.39ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.63, પાઉન્ડ 125.93, કેનેડિયન ડોલર 68.02, ઓસ્ટ્રેલિયન ડોલર 67.09, જાપાનીઝ યેન 0.5860 સીંગાપોર ડોલર 73.37ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 93.19 રૂ. |
| યુરો | 109.63 રૂ. |
| પાઉન્ડ | 125.93 રૂ. |
| યેન | 0.5860 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -122.56 | 77988.68 |
| નિફ્ટી | -34.55 | 24196.75 |
| બેન્કનિફ્ટી | -215.55 | 56086.40 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હિન્દાલ્કો | 2.81 | 1039.90 |
| અદાણી એન્ટરપ્રાઇઝ | 2.77 | 2203.70 |
| ટ્રેન્ટ | 2.64 | 4083.30 |
| અદાણી પોર્ટસ | 2.51 | 1549.80 |
| ઇટર્નલ | 2.44 | 252.70 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચડીએફસી બેન્ક | 1.78 | 795.45 |
| ઓએનજીસી | 1.69 | 282.75 |
| એચડીએફસી લાઇફ | 1.40 | 631.50 |
| ટાઇટન કંપની | 1.34 | 4461.40 |
| અપોલો હોસ્પિટલ | 1.16 | 7553.00 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 2.81 | 4089.00 |
| ઇટર્નલ | 2.54 | 252.75 |
| અદાણી પોર્ટસ | 2.30 | 1549.45 |
| બીઇએલ | 1.81 | 455.60 |
| ઇન્ફોસીસ | 1.05 | 1318.90 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચડીએફસી બેન્ક | 1.75 | 95.50 |
| ટાઇટન કંપની | 1.45 | 4457.90 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.99 | 3225.85 |
| ભારતી એરટેલ | 0.82 | 1840.35 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 0.75 | 379.45 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | ૭૫/૩૬ '' | ૧૩૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૯ | ૫૦/૩૬ '' | ૧૪૬ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | ગાર્ડન | |
| લોકલ | | RIL રિલાયન્સ | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૬ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૦ |
| ૬૮/૩૬ | ૧૩૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪ | વેલનોન (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૧ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૭ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૮ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૭૭૫૦ |
| તેજાબી સોનું | ૧૫૭૬૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૯૮૬૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૪૫૯૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૭૭૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૭૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૯૨૦૦ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૫૪૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૬૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૬૦ | તલતેલ | ૪૮૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૭૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

## અનિલ અંબાણીને સુપ્રીમનો ઝટકો, કોઇ રાહત નહીં

નવી દિલ્હી, તા. 16: અનિલ અંબાણીને સુપ્રિમ કોર્ટમાંથી કોઇ રાહત મળી નથી. બેન્ક ઓફ બરોડા, આઇડીબીઆઇ બેન્ક અને ઇન્ડિયન ઓવરસીઝ બેન્ક જેવી નાણાકીય સંસ્થાઓએ છેતરપિંડી શ્રેણીમાં વર્ગીકૃત કરવાના આદેશ સામે અનિલ અંબાણીએ રાહત માગી હતી, જેને સુપ્રિમ કોર્ટે નકારી કાઢી છે. અનિલ અંબાણીએ કોર્ટ સમક્ષ એવી રજૂઆત કરી હતી કે, તેઓ બેન્કો સાથેના નાણાકીય વિવાદોનું સમાધાન કરવા ઇચ્છે છે. જે સંદર્ભમાં સુપ્રિમ કોર્ટે કોઇપણ પ્રકારનો પ્રતિભાવ આપવાનો ઇન્કાર કરી દીધો હતો. આરબીઆઇના માસ્ટર સર્ક્યુલર મુજબ જે કંપની કે વ્યક્તિને ફ્રોડ-છેતરપિંડી જાહેર કરવામાં આવે છે, તેમના માટે ભવિષ્યમાં લોન મેળવવી લગભગ અશક્ય બની જાય છે.

## રૂપિયો વધ્યો, પણ હેજિંગ માગને કારણે મર્યાદિત રહ્યો

**યુદ્ધ** વિરામની આશાઓ ઓછી થતાં ડોલરની માગ વધી, જેથી રૂપિયો નજીવો સુધર્યો

મુંબઇ, તા. 16: આજે કરન્સી બજારમાં રૂપિયામાં સુધારો જોવાયો હતો, પણ આયાતકારોની ડોલરની માગ ચાલુ રહેતા આ સુધારો ધીમો પડ્યો હતો. જે હજુય અંતરાયરૂપ છે. આજે ડોલરની સામે રૂપિયો 9 પૈસા સુધરીને 93.37ના સ્તરે સુધારા સાથે ખુલ્યો હતો, પણ આયાતકારોની ડોલરની સતત માગ રહી હતી, આ ઉપરાંત ઈરાનના સંભવિત યુદ્ધ વિરામની આશાઓ ઓછી થઇ ગઇ હોવાથી આ લાભ મર્યાદિત થઇ ગયો હતો. કરન્સી ટ્રેડર્સના જણાવ્યા અનુસાર રૂપિયામાં ઈન્ટ્રાડે મુવમેન્ટ ઓછી રહી છે, સામાન્ય રીતે 30થી 35 પૈસાની રેન્જમાં હતી. જે ધીમી ગતિ દર્શાવે છે. બીજી તરફ, વૈશ્વિક અનિશ્ચિતતામાં પણ ઘટાડો થયો છે. એક મહિનાની ગર્ભિત અસ્થિરતા ઘટીને લગભગ 4.9 ટકા થઇ ગઇ છે. જે આરબીઆઇ દ્વારા લીધેલા પગલા પછી ભૂરાજકીય તણાવ અને નીતિગત અનિશ્ચિતતા અંગેની ચિંતા પાછલા સ્તરથી 8 ટકાના ઉપલા સ્તરથી નીચે ઉતરી ગઇ છે. ઈરાનમાં સંભવિત યુદ્ધવિરામ અને ક્રુડના ભાવમાં ઘટાડાના અહેવાલો બાદ સેન્ટીમેન્ટમાં સુધારો થયો, જેના કારણે એશિયન બજારોમાં જોખમ લેવાની ક્ષમતામાં વધારો થયો. પશ્ચિમ એશિયામાં તણાવ ઓછો થવાની અપેક્ષાએ ક્રૂડ ઓઈલના ભાવમાં પણ ઘટાડો થયો, એવી આશા સાથે કે ઈરાન હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા વધુ શિપિંગ એક્સેસની મંજૂરી આપશે. વૈશ્વિક જોખમ સેન્ટિમેન્ટમાં સુધારો થવા છતાં, બેંકરોએ જણાવ્યું હતું કે રૂપિયાનો ઉછાળો મર્યાદિત રહ્યો છે. આયાતકારો અને કોર્પોરેટ્સ તરફથી ચાલુ હેજિંગ માંગ ડોલરની માંગને ટેકો આપી રહી છે, જે ઉછાળાને મર્યાદિત કરી રહી છે.

## અક્ષય તૃતીયા અને સોનાની ચમક: શું ભાવ 2 લાખને પાર કરશે?

**9 વર્ષ** પહેલાં સોનાનો ભાવ પ્રતિ 10 ગ્રામ આશરે 29,000 રૂપિયા હતો

મુંબઈ, તા. 16: અક્ષય તૃતીયા નજીક આવતાની સાથે જ સોનાના ભાવમાં તેજી આવી છે. 19 એપ્રિલના રોજ અક્ષયતૃતીયા છે અને ભારતમાં આ દિવસે સોનાની ખરીદીને અતિ શુભ માનવામાં આવે છે. MCX માં યુએસ-ઈરાન શાંતિ મંત્રણાની આશા પર સોનાના ભાવમાં સુધારો જોવા મળ્યો છે. ટૂંકાગાળામાં આ ધાતુમાં વધઘટ રહેશે પણ લાંબાગાળે તેના એન્ડરટન તેજીનો છે અને ભાવ પ્રતિ 10 ગ્રામ રૂ. 2,00,000 ને આંબી જશે તેવો મત નિષ્ણાતોએ વ્યક્ત કર્યો છે. આજે ગોલ્ડ આંતરરાષ્ટ્રીય બજારમાં, ન્યૂ યોર્કમાં સોનાનો વાયદો 0.77% વધીને $4,828.17 પ્રતિ ઔંસ થયો છે. ડોલર ઈન્ડેક્સમાં પણ ઘટાડો થયો છે તેના કારણે સોનામાં તેજી આવી છે અને બની શકે કે નજીકના ભવિષ્યમાં તે $5000 પ્રતિ ઔંસનું સ્તર બતાવશે. ડોમેસ્ટિક માર્કેટમાં પણ બ્રેકઆઉટ આવ્યું છે અને નજીકના ભવિષ્યમાં તે પ્રતિ 10 ગ્રામ રૂ. 2,00,000 સ્તર બતાવી શકે છે.

## ટોસ્ટર: એક સામાન્ય મનોરંજક ફિલ્મ



**મૂવી રિવ્યુ**

અમર સોલંકી દ્વારા

| | |
|---|---|
| ફિલ્મ | ટોસ્ટર |
| રેટીંગ | ★★☆☆☆ |
| એક લાઈનનો પ્રતિભાવ | આ ફિલ્મ OTT પર રિલીઝ થઇ તે સારું થયું, સિનેમાઘરોમાં મુશ્કેલી પડી હોત |

કામ્પા ફિલ્મ્સની ફિલ્મ 'ટોસ્ટર' એક કોમેડી ફિલ્મ છે જેમાં ક્રાઈમ એંગલ પણ જોવા મળે છે. રમાકાંત (રાજકુમાર રાવ) અને શિલ્પા (સાન્યા મલ્હોત્રા) એક પરિણીત યુગલ છે જેઓ એક હાઉસિંગ સોસાયટીમાં ભાડાના ફ્લેટમાં રહે છે. આ સોસાયટીમાં મોટાભાગે માલિની ફેરવાની (અર્ચના પૂરણ સિંહ) અને મિસીસ ડીસોઝા (સીમા પાહવા) જેવા વૃદ્ધ લોકો રહે છે.

રમાકાંત એક અત્યંત કંજૂસ માણસ છે જે પૈસા બચાવવા માટે કંઈ પણ કરી શકે છે. તે શિલ્પાના ગુરુની પુત્રીના લગ્નમાં ગિફ્ટ તરીકે એક 'ટોસ્ટર' આપે છે, પરંતુ જ્યારે કેટલીક ઘટનાઓને કારણે તે જ દિવસે લગ્ન રદ થાય છે, ત્યારે રમાકાંત પોતાનું ટોસ્ટર પાછું લેવા ગુરુ પાસે જાય છે. જોકે, ગુરુએ લગ્નની તમામ ભેટો નંદિની (ફરાહ ખાન) દ્વારા ચલાવવામાં આવતા અનાથાશ્રમમાં દાન કરી દીધી હોય છે. જ્યારે નંદિની રમાકાંતને ટોસ્ટર સોંપવાની ના પાડે છે, ત્યારે તે અનાથાશ્રમમાંથી તેની ચોરી કરે છે. અને બસ, અહીંથી જ તેની તમામ મુશ્કેલીઓની શરૂઆત થાય છે. માલિની ફેરવાની રમાકાંત પાછળ પાગલ છે અને તેને શારીરિક સંબંધ બાંધવા માટે બ્લેકમેલ કરે છે, કારણ કે તેની પાસે એક એવો વીડિયો છે જે સાબિત કરી શકે છે કે મિસીસ ડીસોઝાના મૃત્યુ પછી તરત જ રમાકાંતે તેમના પુત્ર ગ્લેન ડીસોઝા (અભિષેક બેનર્જી)ની હત્યા કરી હતી. માલિની આ વીડિયો પોલીસને બતાવવાને બદલે તેના ફોનમાંથી ડિલીટ કરી દેશે તેવી આશામાં રમાકાંત તેની વાત માની લે છે, પછી ઘટનાઓની ઘટમાળ સર્જાય છે.

પરવેઝ શેખની વાર્તા એક હદ સુધી જ રસપ્રદ છે. પરવેઝ શેખ, અક્ષત ઘિલ્ડિયાલ અને અનઘ મુખર્જી દ્વારા લખાયેલી પટકથા ખૂબ જ ખેંચાયેલી છે. ખાસ કરીને ફિલ્મનો બીજો ભાગ ઘણો લાંબો અને તેથી થોડો કંટાળાજનક લાગે છે. માલિની ફેરવાની અને બે દફનવિધિ વાળો ભાગ જેટલો રમુજી હોવો જોઈતો હતો એટલો નથી. બીજા ભાગમાં વાર્તાના વળાંકને કારણે નાટકની નિર્દોષ અને હળવી કોમેડી ક્યાંક ખોવાઈ જાય છે. વળી, ક્રાઈમ એંગલ પણ ઘણો લાંબો લાગે છે. રાજકુમાર રાવે લોભી રમાકાંત તરીકે અદભૂત કામ કર્યું છે. અર્ચના પૂરણ સિંહ માલિની ફેરવાની તરીકે જબરદસ્ત ટેકો આપે છે. અન્ય અભિનેતાઓએ પણ સારો સહકાર આપ્યો છે.

'ટોસ્ટર' એક સરેરાશ મનોરંજક ફિલ્મ છે. સારું છે કે તે સીધું OTT પ્લેટફોર્મ પર રિલીઝ થઈ રહી છે. જો તે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હોત, તો તેના માટે ટકી રહેવું મુશ્કેલ બન્યું હોત. પરંતુ OTT પર તેને એક મોટો પ્રેક્ષક વર્ગ મળી રહેશે જેમને આ ફિલ્મ ગમશે.

# નાસિકમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસમાં કથિત લવજિહાદથી દેશભરમાં ખળભળાટ




**ટુ ધ પોઇન્ટ** ■ સંજય વોરા ■

મહારાષ્ટ્રના નાસિક શહેરમાં કોર્પોરેટ લવજિહાદનો ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે. નાસિકના ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) ના BPO યુનિટમાં મહિલા કર્મચારીઓના જાતીય શોષણના ગંભીર આરોપો બાદ કંપનીએ તેની કામગીરી અસ્થાયી રૂપે બંધ કરી દીધી છે. કર્મચારીઓને આગામી સૂચના સુધી ઘરેથી કામ કરવાની સૂચના આપવામાં આવી છે. કંપનીએ નવી ભરતીઓ પર પણ રોક લગાવી દીધી છે. જાતીય સતામણી, ત્રાસ અને બળજબરીથી ધર્મપરિવર્તનના ગંભીર આરોપો સામે આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ કેસમાં અત્યાર સુધીમાં કુલ નવ FIR નોંધવામાં આવી છે અને પોલીસે સાતથી વધુ આરોપીઓની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં કંપનીના એચઆર મેનેજરનો પણ સમાવેશ થાય છે.

એક મહિલા કર્મચારીએ આરોપ લગાવ્યો છે કે શરૂઆતમાં નોકરીની ઓફરના બહાને તેનો વિશ્વાસ મેળવવામાં આવ્યો હતો અને પછી તેને બળજબરીથી સંબંધો બાંધવાની ફરજ પાડવામાં આવી હતી, ધમકીઓ આપવામાં આવી હતી અને માનસિક દબાણનો ભોગ બનાવવામાં આવી હતી. મહિલાએ જણાવ્યું હતું કે તે કોલેજકાળ દરમિયાન મુખ્ય આરોપી દાનિશ શેખને મળી હતી. તેણે તેણીને નોકરીનું વચન આપ્યું હતું અને ધીમે ધીમે નજીક આવી હતી. આ સંબંધ પછી બળજબરીમાં પરિણમ્યો હતો. આરોપીએ તેણીને લગ્નનું વચન તેમ જ લાલચ આપીને શારીરિક સંબંધો બાંધવા દબાણ કર્યું હતું. અન્ય સાથીદારોની ભૂમિકા પણ પ્રકાશમાં આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર HR મેનેજર નિદા ખાન પર પીડિતાની ફરિયાદો દબાવવાનો અને આરોપીઓને બચાવવાનો પ્રયાસ કરવાનો આરોપ છે. તપાસમાં ૭૮ શંકાસ્પદ કોલ રેકોર્ડ, ઇમેઇલ અને ચેટનો પણ પર્દાફાશ થયો છે. મહિલાનો આરોપ છે કે આરોપી અને તેના સાથીઓ સતત ધર્મની ચર્ચા કરતા હતા અને તેના પર ધર્મપરિવર્તન માટે દબાણ કરતા હતા. તેઓએ તેના ધર્મ વિશે અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી અને તેના પર પ્રભાવ પાડવાનો પ્રયાસ કર્યો હતો.

TCS ના નાસિક યુનિટમાં જાતીય સતામણી અને બળજબરીથી ધર્માંતરણની SIT તપાસમાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. આરોપીઓએ મહિલા કર્મચારીઓ સાથે શારીરિક સંબંધો બાંધવા ઉપરાંત તેમને ઇસ્લામ ધર્મ સ્વીકારવા માટે દબાણ કર્યું હતું, નમાઝ પઢવાનું, રોજા કરવાનું અને માંસાહારી ખોરાક ખાવાનું પણ કહ્યું હતું.

એસઆઈટીના જણાવ્યા અનુસાર એચઆર મેનેજર નિદા ખાન મુખ્ય કાવતરાંખોર છે, જેણે ફરિયાદ દબાવવા અને આરોપીઓને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. તપાસમાં જાણવા મળ્યું છે કે TCS નાસિકના HR મેનેજર, નિદા ખાને કર્મચારીઓની ૭૦ ફરિયાદો અવગણી હતી. આ કેસમાં વિદેશો સાથે જોડાણ હોવાનું જણાય છે. HR મેનેજર નિદા ખાનના આતંકવાદી જોડાણોની પણ તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસને નાણાંકીય વ્યવહારોના પુરાવા પણ મળ્યા હતા. નિદા ખાને પીડિતોને આ બાબત ભૂલી જવા કહ્યું હતું અને તેઓ પોતે ઓફિસમાં જાતીય સતામણી નિવારણ સમિતિના સભ્ય હોવા છતાં કોઈ નક્કર પગલાં લીધાં નહોતાં. SIT એ આરોપીને એક શંકાસ્પદ મલેશિયન ધર્મગુરુ સાથે જોડતી WhatsApp ચેટ પણ મેળવી છે. SIT ની તપાસ દરમિયાન મળેલા ડિજિટલ પુરાવા સૂચવે છે કે TCS ઓફિસમાં અનેક નેટવર્ક કાર્યરત હતાં. પોલીસે એવા WhatsApp ગ્રુપ્સ ઓળખી કાઢ્યાં છે, જેનો ઉપયોગ આરોપીઓ સહકાર્યકરોની ચર્ચા કરવા અને યોજના બનાવવા માટે કરતા હતા. ફોરેન્સિક ટૂલ્સનો ઉપયોગ કરીને ડિલીટ કરેલી ચેટ પુનઃપ્રાપ્ત કરવામાં આવી રહી છે. SIT એ અત્યાર સુધીમાં સેક્સ રેકેટમાં સામેલ ૧૨ કર્મચારીઓની ઓળખ કરી છે. ઘણા ટીમ લીડરો અને એન્જિનિયરો સહિત સાત આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેમનાં નામો છે : આસિફ અંસારી, તૌફિક અત્તાર, દાનિશ શેખ, રઝા મેમન, શાહરુખ કુરેશી અને શફી શેખ.

ફેબ્રુઆરીમાં પોલીસને TCS ઓફિસમાં જાતીય સતામણી અને બળજબરીથી ધર્માંતરણ અંગે ફરિયાદ મળી હતી. આ માહિતીના આધારે પોલીસે એક ગુપ્ત કાર્યવાહી શરૂ કરી હતી, જેના પછી સમગ્ર રેકેટનો પર્દાફાશ થયો હતો. આ કામગીરીમાં મહિલા કોન્સ્ટેબલોને લગભગ બે અઠવાડિયાં સુધી TCS ઓફિસમાં ગુપ્ત રીતે હાઉસકીપિંગ સ્ટાફ તરીકે તૈનાત કરવામાં આવી હતી. આ પોલીસ અધિકારીઓએ કર્મચારીઓના પરસ્પર વર્તન પર નજીકથી નજર રાખી હતી અને વરિષ્ઠ અધિકારીઓને જાણ કરી હતી, જેના કારણે સમગ્ર રેકેટનો પર્દાફાશ થયો હતો.

TCSનાં AGM અશ્વિની ચૈનાનીને બુધવારે કોર્ટે ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવી હતી. દરમિયાન સમગ્ર કેસ પાછળની મુખ્ય સૂત્રધાર માનવામાં આવતી HR મેનેજર નિદા ખાન હજુ પણ ફરાર છે અને તપાસ ટુકડીઓ દ્વારા તેની આક્રમક શોધ ચાલી રહી છે.

રાષ્ટ્રીય મહિલા આયોગે આ ઘટનાની જાતે જ નોંધ લીધી છે અને તપાસ માટે એક તથ્યશોધ સમિતિની રચના કરી છે. આ સમિતિ ૧૭ એપ્રિલે સંબંધિત એકમની મુલાકાત લઈને ઘટનાની આસપાસના સંજોગો અને અધિકારીઓના પ્રતિભાવનું મૂલ્યાંકન કરશે. ચાર સભ્યોની સમિતિમાં બોમ્બે હાઈકોર્ટનાં નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ સાધના જાધવ, હરિયાણાના ભૂતપૂર્વ ડીજીપી બીકે સિંહા, સુપ્રીમ કોર્ટનાં વકીલ મોનિકા અરોરા અને મહિલા આયોગનાં સિનિયર કોઓર્ડિનેટર લીલાબતીનો સમાવેશ થાય છે. સમિતિ બેદરકારી ઓળખવા અને ગુનેગારો સામે કાર્યવાહીની ભલામણ કરવા માટે પીડિતો, પોલીસ અને કંપનીના પ્રતિનિધિઓની મુલાકાત લેશે. તે મહિલાઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે સુધારાત્મક પગલાં પણ સૂચવશે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે TCS નાસિક શાખાના આસિસ્ટન્ટ જનરલ મેનેજર કેસ નોંધાયા પછી પણ ત્રીજા આરોપી દાનિશ શેખના સંપર્કમાં રહ્યા હતા. ધરપકડ પહેલાં તેણે શેખને ફોન કર્યો હતો. કોલ અને ઈમેલ રેકોર્ડનું વિશ્લેષણ કર્યા પછી સ્પેશ્યલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) આરોપીઓ વચ્ચે મિલીભગતની શક્યતાની પણ તપાસ કરી રહી છે. અત્યાર સુધીમાં કુલ નવ કેસ નોંધાયા છે, જેમાં એક દેવલાલી કેમ્પ પોલીસ સ્ટેશનમાં અને આઠ મુંબઈમાં સાકી નાકા ખાતે નોંધાયો છે. ઉત્પીડન, ત્રાસ અને બળજબરીથી ધર્મપરિવર્તનનો આરોપ લગાવતી કુલ નવ ફરિયાદો દાખલ કરવામાં આવી છે. આ રેકેટ ૨૦૨૨ માં શરૂ થયું હતું અને આજે પણ ચાલુ છે.

TCS ના નાસિક યુનિટમાં વરિષ્ઠ કર્મચારીઓ દ્વારા સાથીદારોના જાતીય સતામણી અને બળજબરીથી ધર્માંતરણનો મુદ્દો વધુ વકર્યો છે. વિશ્વ હિન્દુ પરિષદની યુવા પાંખ બજરંગ દળે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનનું એલાન કર્યું છે અને આ ઘટનાને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાવ્યો છે. બજરંગ દળે પોતાના નિવેદનમાં લવ જેહાદ, જમીન પર અતિક્રમણ અને મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં કથિત દમન જેવા મુદ્દાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. VHP (વિશ્વ હિન્દુ પરિષદ) ના રાષ્ટ્રીય પ્રવક્તા વિનોદ બંસલે જણાવ્યું હતું કે સંગઠનના કાર્યકરો દેશભરમાં વિરોધ કરશે અને હિન્દુ સમુદાયને એકત્ર કરશે. અગાઉ VHP એ દેશમાં ધાર્મિક પરિવર્તન અને લવ જેહાદની કથિત ઘટનાઓ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાવ્યો હતો અને તેમના વિરુદ્ધ કડક રાષ્ટ્રીય કાયદાઓની માંગણી કરી હતી. VHPના સંયુક્ત મહાસચિવ સુરેન્દ્ર જૈને જણાવ્યું હતું કે નાસિકની ઘટના કોઈ અલગ કેસ નથી પરંતુ તે એક મોટા નેટવર્કનો ભાગ લાગે છે. તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારોને આ મુદ્દા પર નક્કર પગલાં લેવા અપીલ કરી હતી. નાસિકની ઘટનાને કારણે દેશભરમાં લવજિહાદ ચાલી રહી હોવાની અફવા સાચી પડી રહી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**આરોપીઓએ મહિલા કર્મચારીઓ સાથે શારીરિક સંબંધો બાંધવા ઉપરાંત તેમને ઇસ્લામ ધર્મ સ્વીકારવાનું, નમાઝ પઢવાનું, રોજા કરવાનું અને માંસાહારી ખોરાક ખાવાનું પણ કહ્યું હતું**

# વોલ સ્ટ્રીટમાં AIનો પ્રકોપ: રેકોર્ડ નફો છતાં 7,000+ કર્મચારીઓની છટણી

**AI ટેક્નોલોજીની** અસર: બેંકિંગ સેક્ટરમાં કાર્યક્ષમતા વધારવા માટે માનવબળમાં મોટો ઘટાડો

નવી દિલ્હી, તા. 16: રેકોર્ડ કમાણી કરવા છતાં વોલ સ્ટ્રીટની સૌથી મોટી બેંકોએ જાન્યુઆરી-માર્ચ 2026ના પ્રથમ ક્વાર્ટરમાં 7000થી વધુ કર્મચારીઓને છૂટા કરી દીધા છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, વેલ્સ ફાર્ગો એન્ડ કંપનીમાં સૌથી વધુ કર્મીઓને છૂટા કર્યા હતા. જેણે માર્ચ 2026ના ક્વાર્ટર દરમિયાન 4199 કર્મચારીઓને છટણી કરી હતી. સિટી ગ્રુપ ઈન્ક.એ 2000 નોકરીઓમાંથી દુર કર્યા હતા, અને બેંક ઓફ અમેરિકા કોર્પ.એ 1073 નોકરીઓ કાપી હતી. મોર્ગન સ્ટેનલી, જેપી મોર્ગન ચેઝ અને ગોલ્ડમેન સાક્સે પણ ટોચની વોલ સ્ટ્રીટ બેંકોમાં સામેલ છે. આ છ સૌથી મોટી યુએસ બેંકોએ ક્વાર્ટર દરમિયાન 47.3 બિલિયન ડોલરનો સંયુક્ત ચોખ્ખો નફો કર્યો હતો, વર્તમાન સમયમાં અનેક ભૂરાજકીય આંચકાઓને કારણે બજારો ખૂબ જ અસ્થિર રહ્યા. મજબૂત નફો હોવા છતાં, બેંકોની કર્મચારીઓની સંખ્યા ઘટાડવા પાછળના મુખ્ય કારણમાં એઆઈ છે. અહેવાલ મુજબ, વેલ્સ ફાર્ગોના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ચાર્લી શાર્ફે વિશ્લેષકો સાથેના કોન્ફરન્સ કોલમાં જણાવ્યું હતું કે, અમે ટેક્નોલોજી (એઆઈ સહિત) અને જાહેરાત જેવા ક્ષેત્રોમાં અમારા રોકાણોમાં વધારો કરી રહ્યા છીએ, અને અમારી કાર્યક્ષમતા સુધારવા માટે પહેલ પર પણ સતત કામ કરી રહ્યા છીએ.

RAJHANS ગોપીતળાવ નવસારી બજાર, સુરત
પ્રિયદર્શનની કોમેડી હોરર ફિલ્મ ભૂતબંગલા ૯.૪૫, ૧.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૭.૦૦, રાત્રે ૯.૦૦, ૧૦.૦૦
The Mummy હિન્દી હોરર ૧૦.૦૦, ૧૨.૩૦, ૬.૦૦
ધુરંધર-2 ૯.૦૦, ૧.૧૫, ૫.૩૦, રાત્રે ૯.૪૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA ★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
૬ઠ્ઠી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. : 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
કોમેડી હોરર: ભૂતબંગલા | એક્શન હીટ: ધુરંધર-2 | હીન્દી હોરર: Lee Cronin's The Mummy
ગુજરાતી ફુકા ઈઝ મની કેશ | ગુજરાતી લગન લાગી રે | ગુજરાતી લાગણી | હિન્દી ડાકોઈટ

ફકત રૂા. ૮૦/- થી શરૂ
પ્રિયદર્શન પ્રસ્તુત, કોમેડી ફિલ્મ ભૂતબંગલા
અક્ષયકુમાર, પરેશ રાવલ, રાજપાલ યાદવ, તબ્બુ ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
જબરજસ્ત ફુલ એક્શન ધુરંધર-2
રણવીરસિંહ, સંજયદત્ત ૧૨.૦૦, ૪.૦૦, રાત્રે ૯.૧૫
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJ IMPERIAL DOLBY ATMOS INOX
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે
For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777
પ્રિયદર્શન પ્રસ્તુત, કોમેડી ફિલ્મ ભૂતબંગલા
અક્ષયકુમાર, પરેશ રાવલ, રાજપાલ યાદવ, તબ્બુ
ATMOS : 8.25 am, 9.00 am, 10.20 am, 11.45 am, 12.20 pm, 2.20 pm, 3.05 pm, 3.40 pm, 5.40 pm, 6.25 pm, 7.00 pm, 9.00 pm, 9.45 pm, 10.20 pm
હિન્દી હોરર થ્રીલર Lee Cronin's The Mummy 9.00 am, 12.00 pm, 6.15 pm, 9.15 pm
ધુરંધર-2 9.00 am, 10.00 am, 2.30 pm, 4.30 pm, 9.00 pm, 9.45 pm
લાગણી ગુજરાતી 1.30 pm
Project Hail Mary હિન્દી 3.00 pm
ફુકા ઈઝ મની કેશ ગુજરાતી 7.00 pm